

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વાતો કરાવી કરાવી ભરમાવી જાય છે,*
*દોસ્તીના દંભે, હસીને શરમાવી જાય છે,*
*દબાવી જાય છે ખાણો સોના-ચાંદીની છૂટથી -*
*કલ્લીના બદલામાં ખિસ્સાં ગરમાવી જાય છે...*
*(ચીનનો પગપેસારો)*

### હાઈકુ

*રશિયા-ચીન,*
*જાણે વડનગર -*
*છે આંટાફેરા*

*ફરી લ્યો બાપુ!*
*હવે એક વર્ષ છે -*
*ફરતારામ...*

### ચિંતન

**સત્ય મૂલ સબ સુકૃત સુહાએ ।**

**ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.**

**સત્ય જ સમસ્ત ઉત્તર સુંદર સુકૃતોનું મૂળ છે. સત્યના નાશથી પાપ થાય છે અને પાપથી અપયશ થાય છે.**

**'સત્ય' એ જ ધર્મ છે. સત્ય જ બધાં સત્કર્મોનું મૂળ છે 'સત્ય' માનવીને નિષ્પાપ નિખાલસ, નીડર બનાવે છે.**

**બધા જ ધર્મનું મૂળ - આદર્શ - સિદ્ધાંત - નિર્ચોળ 'સત્ય' જ છે.**

### સુવિચાર

- સતત અભ્યાસ જ બુદ્ધિને તેજ કરી શકે છે, વિશ્રામ નહીં - **સંત ચેષ્ટર ફિલ્ડ**
- છૂટી જીભ અને ખાલી મગજ ભાગ્યે જ છૂટાં પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની બુદ્ધિ અને પારકું ધન બધાને અધિક લાગે છે - **એન્ટોની ચેખોવ**
- ધનનો અભાવ જ સૌ પાપનું મૂળ છે - **બર્નાડ શો**
- વિષમ પરિસ્થિતિઓમાં જીવતા રહેવાનું રહસ્ય 'સંયમ' છે - **ઈલા આરબ મહેતા**
- વિવાદ એ વાર્તાલાપનું મૃત્યુ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : ડુંગળીના રસમાં શેકેલી હીંગ અને સંચળ મેળવી ચાટવાથી આફરો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પવિત્રતા અને અપવિત્રતા જાતિ કે ધર્મથી નહીં વિચાર અને આચરણથી નક્કી થાય છે.

એક બ્રાહ્મણ આખો દિવસ ધર્મ-ભક્તિભાવમાં ડૂબેલો રહેતો હતો. આખી જિંદગી પૂજાપાઠ કર્યા વિના અન્ન પણ લીધું ન હતું. ખૂબ ચુસ્ત રહી. ધાર્મિક નિયમોનું પાલન કરતો હતો.

વૃદ્ધાવસ્થામાં તેને ખ્યાલ આવ્યો કે હવે ગમે ત્યારે યમરાજ આવશે. ત્યારે તેને થયું કે કાશ ? પ્રાણ નીકળી જાય તે પહેલાં ગંગાજળનું એકટીપું પણ મળી જાય તો મને સમસ્ત પાપલોકમાંથી મુક્તિ મળી જાય. એવામાં કબીરજી પેલા બ્રાહ્મણની ખબર જોવા પહોંચ્યા. બ્રાહ્મણે કહ્યું, 'મને તમારી સેવા લેવી તો નથી. પણ જો તમે એક લોટો ગંગાજળ લાવી આપો તો તેના સેવનથી હું મારા પાપામાંથી મુક્ત થાઉં.' કબીરજી, પોતાના લોટામાં ગંગાજળ ભરીને લાવ્યા.

બ્રાહ્મણે કહ્યું, 'તમને તમારા લોટામાં ગંગાજળ શું કામ લાવ્યા, એક વણકરના લોટામાં લેવાયેલું ગંગાજળ પીને મારે ધર્મભ્રષ્ટ નથી કરવો.' કબીરે સામો સવાલ કર્યો, 'ગંગાજલમાં વણકરના લોટાને પવિત્ર કરવાની પણ તાકાત ન હોય તો તે તમને મુક્તિ કઈ રીતે અપાવશે ?' બ્રાહ્મણ નિરુત્તર થઈ ગયો.

# કર્ણાટક : ગઠબંધનની સંભાવનાની નક્કર ભૂમિકા

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટકની ચૂંટણીમાં કોંગ્રેસને મળેલ બીજા નંબરની બેઠકો સમગ્રપણે વિપક્ષોને ફળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સહિયારો મોરચો માંડવાની વાતો હવામાં હતી તે કર્ણાટકના મુખ્યમંત્રીના શપથવિધિ પ્રસંગે જમીન પર સાકાર થતી વરતાઈ. કોંગ્રેસના શાણા નેતાઓએ પોતે મોટી પાર્ટી હોવા છતાં પોતાના કરતાં અડધાથી પણ ઓછી બેઠકો ધરાવતી પ્રાદેશિક પાર્ટીના નેતાને સામા પગલે નેતા તરીકે સ્વીકારવાની વ્યૂહરચના અપનાવી અને પૂર્વ વડાપ્રધાન એચ ડી દેવગોવડાના સુપુત્ર કુમારસ્વામીને મુખ્યમંત્રીપદની લૉટરી લાગી ગઈ. સ્વાભાવિક રીતે જ સંયુક્ત સરકારમાં કોંગ્રેસને એની બેઠકોના પ્રમાણમાં વધુ મંત્રીપદ ઉપરાંત ઉપમુખ્યમંત્રીપદ અને સ્પીકરપદ આપવાની ફોર્મ્યુલાનો પણ સ્વીકાર થયો. પરંતુ કર્ણાટકમાં જેડી(એસ)-કોંગ્રેસનું ગઠબંધન આગામી લોકસભાની ચૂંટણી વખતે ભાજપ વિરુદ્ધ થનાર સંભવિત મહાગઠબંધનની ભૂમિકા સમું બની રહ્યું તેની આખી દુનિયાએ નોંધ લીધી છે. મમતા બેનરજીએ કર્ણાટકની ચૂંટણીનાં પરિણામો જોઈ કહ્યું હતું કે જો કોંગ્રેસ અને જેડી (એસ) સંયુક્તપણે ચૂંટણી લડ્યા હોત તો આરામથી બહુમતી હાંસલ કરી શક્યા હોત અને ભાજપને આટલી બધી બેઠકો ન મળી હોત. મમતા બેનરજીના આ શબ્દોનું સમર્થન કરતા હોય એમ લગભગ તમામ પ્રાદેશિક પક્ષોના નેતાઓ કુમારસ્વામી અને પરમેશ્વરના રાજ્યાભિષેક પ્રસંગે એક મંચ પર આવ્યા. પશ્ચિમ બંગાળમાં સીતારામ યેચુરી સામ્યવાદી પાર્ટીનું નેતૃત્વ કરે છે અને મમતા બેનરજી સામે પૂરી તાકાતથી ઝઝૂમતા રહ્યા છે. તેઓ બંને કર્ણાટકમાં એક સાથે વિપક્ષી એકતાનું ગામું ગાતાં જોવા મળ્યાં. અખિલેશ યાદવ સમાજવાદી પાર્ટીના નેતા છે અને ઉત્તર પ્રદેશમાં એમની સીધી ટક્કર બસપામાં 'બહેનજી' - માયાવતી સામે રહી છે. ઉત્તર પ્રદેશની બે બેઠકો પર બેઉએ સમજણપૂર્વક ગઠબંધન કરીને પેટાચૂંટણીમાં ભાજપને ધૂળ ભેગું કરી દીધું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું ગજું મપાઈ ગયું. તેલુગુદેશમના નેતા અને આંધ્રના મુખ્યમંત્રી ડૉ. ચંદ્રાબાબુ નાયડુએ મોદી સામે મોરચો માંડ્યા પછી વિપક્ષની એકતામાં ઉછાળો આવ્યો છે. વૈચારિક રીતે સામસામા હોવા છતાં શિવસેના અને શરદ પવારની નેશનાલિસ્ટ પાર્ટી આગામી ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ હાથ મિલાવવા તૈયાર થશે તે નક્કી છે. કર્ણાટકમાં કોંગ્રેસને સીધેસીધી બહુમતી મળી ગઈ હોત તો કદાચ આવું નિમિત્ત ઊભું ન થઈ શક્યું હોત. મહાગઠબંધનનો મૂળ વિચાર રમતો મૂકનારા લાલુપ્રસાદ યાદવને ચારાકાંડમાં જેલમાં ધકેલી દેવાયા પછી અને નીતીશકુમાર સાથે મોદીએ સાંઠગાંઠ રચી દઈ બિહારમાં સરકારમાં ભાગીદારી કરી દીધા પછી આવી સંભાવના ધૂંધળી બની ગઈ હતી. દેશનાં વીસ રાજ્યોમાં ભગવો લહેરાવી દીધા પછી મોદીનો અશ્વમેધનો ઘોડો બેંગ્લોર જઈ બંધાયો છે. આગામી દિવસોમાં રાજસ્થાન-મધ્યપ્રદેશ-છત્તીસગઢની ચૂંટણીમાં કોંગ્રેસ સારો દેખાવ કરે તો ૨૦૧૯માં ગઠબંધન સરકારની સંભાવનાનું સપનું સાકાર થઈ શકે એમ છે.

# માયા મહાઠગની મૈં જાની !



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

દેવર્ષિ નારદના ભાણેત પર્વત મુનિ હતા. બંને સારા મિત્રો હતા. એમણે એક બીજાને વચન આપેલું. 'આપણને મનમાં જે કોઈ સારો કે નઠારો વિચાર આવે એ છૂપાવવો નહિ. એક બીજાને કહી દેવો.' બંને પરિભ્રમણના શોખિન હતા.

એકવાર બંને ફરવા નીકળ્યા. ફરતા ફરતાં એક મનોહર નગરમાં આવ્યા. અહીં એમને ગમી ગયું. અહીં રાજ પરિવાર સારો હતો. રાજાનું નામ સંજય અને રાણીનું નામ કૈકેયી હતું. સંતાનમાં સુશીલ રાજકન્યા એક જ હતી. દમયંતી એનું નામ હતું. કૈંકેયી રાજાને મદદ કરી શકે એટલે દમયંતીનો ઉછેર પાલક માતા પાસે થતો હતો. સંજયે બંને મિત્રોને મહેલમાના અતિથિગૃહમાં ઊતારો આપ્યો. એમની સેવા સરભરાનું કામ એણે દમંયતીને સોંપ્યું. આ ફરજ તે સરસ રીતે બજાવતી હતી. બંનેને સારી રીતે સાચવતી.

એ અતિથિગૃહમાં આવે ત્યારે નારદ વીણા વાદન કરતા હોય, સામગાન કરતા હોય, મંત્રોને વીણામાં ઉતારતા હોય. આ બધું એને ગમવા માંડ્યું એને ખબર તો હતી જ. આ જ્ઞાની છે, નીતિના જાણકાર છે. પરંતુ વીણા સાંભળીને એના હૃદયે આકર્ષણ અનુભવ્યું. નારદને પણ એવો જ ભાવ થયો. બંનેએ પરણવાનો સંકલ્પ કર્યો. જે રીતે ઉદયન અને વાસવદત્તાના પ્રેમમાં વીણા નિમિત્તરૂપ બની, એની જેમ વીણા નારદ અને દમયંતીનાં પ્રેમમાં નિમિત્ત બની ગઈ.

હવે દમયંતીની સેવાસરભરામાં અને ખાનપાન પીરસવામાં ફેર પડી ગયો. પર્વત કરતાં વધુ મળવા માંડ્યા. નારદને આ બધું ગમતું. પરંતુ પર્વત મુનિની ચકોર નજરે આ પકડી પાડ્યું. એનું કારણ પણ એને સમજાઈ ગયું. કોઈ પણ સંબંધ હોય, એમાં પારદર્શીતા તો જોઈએ જ. એકબીજાને વચન પણ આપેલાં. નારદે વાત છૂપાવી હતી.

એમણે હવે નારદને પૂછ્યું, 'આ બધું શું છે ? દમયંતી તરફથી તારી સારસંભાળ કેમ વધી ગઈ છે ? નારદે જવાબ આપ્યો.' 'અમે પ્રેમમાં છીએ, અને પરણવાનો સંકલ્પ કર્યો છે.' હવે પર્વત મુનિ ગુસ્સે થયા. અને કહ્યું, 'આટલી મોટી વાત તે મારાથી છૂપાવી તેં વચનદ્રોહ કર્યો છે. તને હું શાપ આપું છું. તારું મુખ વાનરનું થઈ જાય.' નારદે પણ કહ્યું, 'આટલી નાની વાતમાં તેં આવડો મોટો શાપ આપ્યો. હું પણ તને પ્રતિશાપ આપું છું. તુ સ્વર્ગલોકમાંથી ભ્રષ્ટ થઈ જા.'

બંનેના શાપની અસર થઈ. પર્વત દુ:ખી થઈને નગર છોડીને જતા રહ્યા. નારદ પણ દુ:ખી હતા. દમયંતીને આઘાત લાગ્યો. પણ તે સ્વસ્થ થઈ ગઈ. નારદ અતિથિગૃહમાંથી બહાર ન નીકળ્યા.

દમયંતી માટે વર શોધવાનો રાજાએ પ્રયત્ન શરુ કર્યો. 'હું મનથી નારદને વરી ચૂકી છું એમનું વાનરમુખ શાપને કારણે છે આ શાપ માટે પણ હું જ જવાબદાર છું.' એ પોતાના નિર્ણયમાં દૃઢ હતો. એટલે સંજય એન કૈકેયીને નારદ સાથે એનાં લગ્ન કરાવી આપ્યા.

કેટલોક સમય પછી પર્વત મુનિ ફરી વાર આ નગરમાં આવી ચડ્યા. એને ખબર પડી. એને પસ્તાવો થયો. એણે શાપ પાછો ખેંચ્યો. સામે પોતાનો સદ્‌ભાવ દાખવીને નારદે પણ પ્રતિશાપ પાછો ખેંચ્યો. નારદ પહેલાની જેમ સુંદર મુખવાળા થયા. પર્વતનું પણ સ્વર્ગનું સ્થાન જળવાઈ રહ્યું.

મહેલમાં પ્રસન્નતા છવાઈ ગઈ. રાજા રાજીએ નારદ - પર્વતને ભરપૂર ભેટ-સોગાદો આપી.

માયા મહાઠગારી છે. પોતે કેવા એના વશમાં આવી ગયા હતા - તે વાત એમણે સ્વમુખે મહર્ષિ વેદવ્યાસને કહી હતી.

માયા મહાઠગારી છે. બ્રહ્માના માનસપુત્ર અને દેવર્ષિ કહેવાય એવા નારદને પણ વશમાં લઈ લીધા. કોઈ એમાંથી છટકી શકતું નથી. ભલભલાને ઠગી જાય !

# આવો, જાણીએ આપણા વિશ્વનો ઈતિહાસ



## ખજાનો

અનિલ પટેલ

### વિજ્ઞાન જગત

૧ ફ્રાન્સના રાજા લૂઈ ૧૪માની કઈ ઉક્તિ જાણીતી છે ?
(અ) હું જ સર્વસ્વ છું (બ) હું જ તમારો રાજા છું
(ક) હું જ તમારો ઈશ્વર છું (ડ) હું પોતે જ રાજ્ય છું

૨ સિન્ધુ ખીણની સંસ્કૃતિનું મહત્ત્વનું લક્ષણ શું છે ?
(અ) નગર વ્યવસ્થા (બ) ધાર્મિક સ્થાપત્ય
(ક) જલ સંગ્રહ વ્યવસ્થા (ડ) કૃષિ આયોજન

૩ પ્રાચીન સંસ્કૃતિનું હડપ્પા સ્થળ ક્યાં આવેલ છે ?
(અ) અફઘાનિસ્તાનમાં (બ) કાશ્મિરમાં
(ક) પાકિસ્તાનમાં (ડ) પંજાબમાં

૪ તોલમાપની દશમલવ પધ્ધતિ કયા દેશની દેન છે ?
(અ) જર્મની (બ) ફ્રાન્સ
(ક) ઈટલી (ડ) બ્રિટન

૫ અમેરિકાના ગાંધી તરીકે કયા નેતા જાણીતા હતા ?
(અ) જ્હોન કેનેડી (બ) જ્યોર્જ વોશિંગ્ટન
(ક) માર્ટિન લ્યૂથર કિંગ (ડ) રોનાલ્ડ રોફ

૬ ફ્રેન્ચ રાજા લૂઈ ૧૬ના સમયકાળમાં ક્યારે ફ્રાન્સ ક્રાન્તિ થઈ હતી ?
(અ) ૧૭૭૦ (બ) ૧૭૮૯
(ક) ૧૭૯૨ (ડ) ૧૭૯૯

૭ ૧૯ સપ્ટેમ્બરે કયા વર્ષમાં ચીને ભારત પર આક્રમણ કર્યું હતું ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૨
(ક) ૧૯૬૪ (ડ) ૧૯૬૫

૮ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી કોની સાથે ભારત આવ્યા હતા ?
(અ) મહંમદ તઘલખ (બ) પોરસ
(ક) સિકંદર (ડ) મહંમદ ઘોરી

૯ બેલેસ્ટાઈનના કિલ્લાનું પતન કઈ ક્રાંતિ સાથે સંકળાયેલું છે ?
(અ) રશિયન ક્રાંતિ (બ) જર્મન ક્રાંતિ
(ક) ફ્રાન્સ ક્રાંતિ (ડ) બ્રિટન ક્રાંતિ

૧૦ પ્રથમ વિશ્વ યુદ્ધમાં સૌથી અપમાનજનક પછડાટ કયા દેશે ખાધી ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) જાપાન (ડ) અમેરિકા

૧૧ વિશ્વનું સૌથી પ્રાચીન હયાત શહેર કયું છે ?
(અ) ભારતનું દિલ્હી (બ) અમેરિકાનું વોશિંગ્ટન
(ક) બ્રિટનનું લંડન (ડ) સીરિયાનું દમાસ્કસ

૧૨ વિશ્વમાં સૌપ્રથમ કાયદા સંબંધી ગ્રંથ કોણે લખ્યો હતો ?
(અ) ચાણક્ય (બ) શી-હવાંગ-ટી
(ક) વર્જિલ (ડ) હમ્બુરાલી

૧૩ કયું નગર સાત ટેકરીઓનું નગર કહેવાય છે ?
(અ) રોમ (બ) પીઝા
(ક) વેનિસ (ડ) પેરિસ

૧૪ બાઈબલ મૂળ કઈ ભાષામાં લખાયું હતું ?
(અ) અરબી (બ) અંગ્રેજી
(ક) હિબ્રુ (ડ) પારસી

૧૫ કાર્લ માર્ક્સ કયા દેશનો વતની હતો ?
(અ) જર્મની (બ) પોર્ટુગલ
(ક) ફ્રાન્સ (ડ) સ્વીત્ઝર્લેન્ડ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૫ મે**
  - ક્રાન્તિવીર સરદારસિંહ રાણાની પુણ્યતિથિ (૧૯૫૭)
  - મહાન ક્રાન્તિકારી બંગાળી કવિ કાઝી નઝરૂલ ઈસ્લામનો જન્મ (૧૮૯૯)
  - સેક્શપિયરના સાહિત્ય પર લદાયેલ પ્રતિબંધ ઉઠાવી લેવાયો (૧૯૭૭)
  - મિખાઈલ ગોર્બેચોવ સોવિયેટ સંઘના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા (૧૯૮૯)
  - જાણીતા તત્ત્વચિંતક શ્રી જે કૃષ્ણૂર્તિનો જન્મદિવસ (૧૮૯૫)
  - શિકાગોના ઓહોર એરપોર્ટ પર વિમાન દુર્ઘટનામાં ૨૭૩ લોકોનાં મોત (૧૯૭૯)
- **૨૬ મે :**
  - કુશ્તીબાજ સુશીલ કુમારનો જન્મ દિવસ (૧૯૮૩)
  - એપોલો-૧૦ તમામ પરિક્ષણો પાર પાડી પુન: ધરતી પર પરત આવ્યું (૧૯૬૯)
  - નેપોલિયન બોનાપાર્ટની ઈટલીના નરેશ તરીકે તાજપોશી કરાઈ (૧૮૦૫)
  - રશિયાના આધુનિક સંસ્કારના ઘડવૈયા એલેક્ઝાન્ડર પુસ્કીનનો જન્મદિવસ (૧૮૭૩)
  - જાણીતા સાહિત્યકાર હરિવલ્લભ ભાયાણીનો જન્મદિવસ (૧૯૧૭)
- **૨૭ મે :**
  - જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ
  - શ્રીલંકન ખેલાડી જયવર્દનનો જન્મદિવસ (૧૯૭૭)
  - જર્મનીના સૌથી મોટા યુદ્ધજહાજ બિસ્માર્કનું પતન (૧૯૪૧)
  - ભારતીય ક્રિકેટર રવિ શાસ્ત્રીનો જન્મદિવસ
- **૨૮ મે :**
  - પાકિસ્તાને અણુ પરિક્ષણ કર્યું (૧૯૯૮)
  - સંશોધક પિન્કીબેન પંડ્યાનો જન્મદિવસ (૧૯૬૯)
  - ક્રાન્તિવીર વીર સાવરકરનો જન્મદિવસ (૧૮૮૩)
  - શિલ્પ સ્થાપત્યકાર પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાની પુણ્યતિથિ (૧૯૭૮)
- **૨૯ મે :**
  - એડમંડ હિલેરી અને શેરપા તેનસિંગે એવરેસ્ટ સર કર્યું (૧૯૫૩)
  - ફિલ્મ નિર્માતા પૃથ્વીરાજ કપૂરનું અવસાન (૧૯૦૧)
  - અમેરિકન પ્રમુખ જ્હોન એફ કેનેડીનો જન્મદિવસ (૧૯૧૭)
  - અભય દીવાના શોધક સર હેન્રી ડેવિડનું નિધન (૧૮૨૯)
  - સાહિત્યકાર ધીરૂબેન પટેલનો જન્મદિસ (૧૯૨૬)
- **૩૦ મે :**
  - ભારતીય સૈન્યની ટૂકડીએ પ્રથમ વખત કંચનજંગા પર ચડાઈ કરી (૧૯૭૦)
  - અભિનેતા પરેશ રાવલનો જન્મદિવસ (૧૯૫૦)
  - પારસી ઉદ્યોગપતિ નેસ વાડિયાનો જન્મદિવસ (૧૯૭૦)
  - જાણીતાં અભિનેત્રી જેનીફર વિનગેટનો જન્મદિવસ (૧૯૮૫)
  - સાહિત્યકાર સુરેશ જોષીનો જન્મદિવસ (૧૯૨૧)
  - ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જ્હોન ઓફ આર્કની પુણ્યતિથિ (૧૪૩૧)
- **૩૧ મે :**
  - ક્રિકેટ એમ્પાયર સ્ટીવ બકનરનો જન્મદિવસ (૧૯૪૬)
  - ભગવતીકુમાર શર્માની જન્મજયંતિ (૧૯૩૪)
  - ગુજરાતી ગઝલના ભીષ્મપિતા મહ હરજી લવજી દામાણી (શયદા)નું નિધન (૧૯૬૨)
  - સંગીતકાર અનિલ બિશ્વાસનું નિધન (૧૯૦૩)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટક રાજ્યના હાલના ગવર્નર કોણ છે ?**

**જવાબ : ગુજરાતના પૂર્વ મંત્રી શ્રી વજુભાઈ વાળા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) જયેન્દ્ર એન પાઠક, સે. ૬ બી (૪) હાર્દિક મકવાણા : સે-૨૪ (૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૬) નટુભાઈ દરજી - પેથાપુર (૭) કનુભાઈ પટેલ, રાયસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કર્ણાટકમાં કોંગ્રેસના કયા નેતાને ઉપમુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરાયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સાચો ગુણોત્સવ



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

... અને બાળકોના મુખેથીસુંદર મજાની પ્રાર્થના પૂરી થઈ. પ્રાર્થના બાદના બાળકોના કાર્યક્રમ પણ પૂરા થયા. હવે માત્ર રાષ્ટ્રગીત જ ગાવાનું બાકી હતું. એમાં રોજની પ્રથા અને નિયમ મુજબ શાળાના એકાદા શિક્ષક તરફથી ટૂંકું વક્તવ્ય બાળકો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવતું. શિક્ષકશ્રીના વક્તવ્યોથી કેટલાં બાળકો પર એની અસર થતી હશે એ તો ભગવાન જાણે અને કેટલાંક બાળકોને કંઈક નવું જાણી રહ્યા છીએ એવું લાગતું હશે એ પણ એમનો અંતરાત્મા જાણે પણ જે શિક્ષક ઊભા થઈ વક્તવ્ય આપતા એમને તો એક પ્રકારનો આત્મસંતોષ થતો જ... એ એમ વિચારતા કે ભલે બધાને અસર ન થાય પણ એકાદને પણ વક્તવ્યની અસર થઈ જાય તો પ્રાર્થનામાં ફાળવેલી પાંચ દસ મિનિટ સાર્થક ગણાશે.

તો એ દિવસે પ્રાર્થના પૂર્ણ થતાં શાળાના આચાર્યશ્રીએ ઊભા થઈ ટૂંકા સંબોધન સાથે આજે પોતાના વક્તવ્યની શરૂઆત કરી,

'જુઓ વહાલાં બાળકો, તમે સૌ જાણો જ છો કો આ વર્ષે પણ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ યોજાવાનો છે. એની તારીખો પણ જાહેર થઈ ચૂકી છે. આ વર્ષે આપણી શાળઆમાં છેક ગાંધીનગરથી સાહેબ ચકાસણી માટે આવશે. એમની સાથે બીજા બે ત્રણ સાહેબો પણ હશે...' આચાર્યશ્રીનું ગુણોત્સવ પર વક્તવ્ય ચાલી રહ્યું હતું. મોટા ધોરણનાં બાળકો ધ્યાનથી સાંભળી રહ્યા હતા. એકડી બીજીવાળાં બાળકોને તો બેટ્સમેન માટે ક્રિકેટની કોઈ ફાસ્ટ પીચ પર કોઈ ફાસ્ટ બોલરોના બોલ માથા ઉપરથી જતા હોય એમ બધું માથા પરથી જતું હતું. પણ સાહેબની બીકે આ ભાષણ એમને સાંભળવું પડતું હતું. આચાર્યશ્રીએ ગુણોત્સવ અંગેની તમામ માહિતી પ્રાર્થના સભામાં આપી લગભગ વીસ પચ્ચીસ મિનિટ ચર્ચા કરી. પ્રાર્થના બાદ બધાં બાળકો પોતપોતાના વર્ગખંડમાં ગયા. શિક્ષકો પોતાના વર્ગમાં જઈ નિત્ય વર્ગકાર્યમાં પરોવાય... આચાર્યશ્રી દ્વારા લખી આપેલ સૂચનાની ચિઠ્ઠી શિક્ષકોને વંચાવી રહ્યો હતો... જેમાં લખ્યું હતું, 'બાળકોને કંઈક કામ આપી તાત્કાલિક ઓફિસમાં આવવું, ગુણોત્સવના અનુસંધાનમાં મીટિંગ છે.' તમામ શિક્ષકશ્રી ઓફિસમાં હાજર થઈ ગયા. કેટલાકને લાગ્યું, 'આ શું વળીએકની એક વાત કેટલી વાર સાંભળવાની ? આના કરતાં તો બાળકને ભણાવવા દેતા હોય તો સારું.' તો વળી કેટલાંકને ખૂબ ગમ્યું પણ ખરું. મનમાં થતું હતું કે હાશ, મીટિંગ ચાલશે અને ત્યાં સુધી રિશેષનો સમય થઈ જશે... આમ વિવિધ વિચારો સાથે સૌ શિક્ષકો પહોંચ્યા ઓફિસમાં અને એ જ ચક્ર ફરી શરૂ થયું.... ગુણોત્સવનું ઈન્ટ્રોડક્શન.... આચાર્યશ્રી દ્વારા શિક્ષકોને ગુણોત્સવની તમામ માહિતી અપાઈ, એમાં એક ખાસ સૂચના સમયની બાબતમાં આપવામાં આવી... સાહેબે કહ્યું, જુઓ. સમયની બાબતે ખાસ તકેદારી રાખશો.... આપણે આ નિર્ધારિત સમય કરતાં પાંચ મિનિટ વહેલા આવી જવાનો આગ્રહ રાખીશું... બહારથી અધિકારીઓ આવશે અને આપણે મોડા પડીએ એ યોગ્ય ન ગણાય. અને તેમ છતાં જો કોઈ લેટ પડશે તો એની જવાબદારી જે તે શિક્ષકની રહેશે... આમ વિસ્તૃત માહિતીના અંતે મીટિંગ પૂર્ણ થઈ અને વળી પાછા સૌ પોતપોતાનાં કામમાં જોતરાઈ ગયા...

ગુણોત્સવનો દિવસ આવી ગયો. આજે શાળા કંઈક નવીન જ લાગતી હતી. ચારે તરફ સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવી હતી. બધાં બાળકો, સ્વચ્છ અને ગણવેશમાં સજ્જ. બધા શિક્ષકો પણ સમયસર હાજર થઈ ગયા. આવનાર અધિકારીઓ પણ સમયસર પધારી ચૂક્યા હતા.

પ્રાર્થના શરૂ થઈ... પણ આ શું ? શાળાના એક સાહેબ હજી સુધી આવ્યા ન હતા. એ સાહેબ એટલે પોતાના કામ પ્રત્યે સમર્પિત શિક્ષક... નિયમિતતાની મિસાલરૂપ વ્યક્તિ જ હજી આવેલ ન હતી. તમામ કાર્ય દિવસો દરમિયાન શાળામાં સમયથી વહેલા આવી જનાર મોહનભાઈ આજે ગુણોત્સવ જેવા મહત્ત્વના દિવસે જ લેટ...

પ્રાર્થનામાં બેઠેલા આચાર્ય સાહેબનું ધ્યાન પ્રાર્થનામાં ઓછું અને મોહનભાઈમાં વધારે હતું.... પ્રાર્થના પૂર્ણ થ યા બાદ એક બાજુ જઈ સાહેબશ્રીએ મોબાઈલ પર સાહેબનો કોન્ટેકટ કરવાનો પ્રયત્ન કર્યો પણ મોબાઈલ પણ સ્વિચ ઓફ આવતો હતો. સાહેબ મૂંઝાયા અને મોહનભાઈના ઘરના ફોન પર વાત કરતાં માલુમ પડ્યું કે સાહેબ તો ક્યારનાય શાળાએ આવવા માટે નીકળી ગયા હતા. પ્રાર્થના બાદ રૂપરેખા મુજબ ઉત્સવની ઉજવણી શરૂ થઈ. બધા હાજર પણ એક મોહનભાઈ જ નહિ. એમનો વર્ગ પણ રેઢો પડ્યો હતો. બહારથી આવનાર અધિકારીઓને સમગ્ર ઘટનાની જાણ થઈ અને સાહેબો પણ ધૂંઆપૂંઆ થઈ ગયા અને અધિકારી બોલી પણ ગયા કે 'આવા બેજવાબદાર શિક્ષક પર હું કાયદેસરની કાર્યવાહી કરીશ. બીજા શિક્ષકો દ્વારા મોહનભાઈ સાહેબના વર્ગનું કામકાજ ચાલુ કરાવવામાં આવ્યું.'

અને શાળાથી દૂર કંઈક અલગ જ ઘટના બની હતી. શાળાની નજીક એક વાહન નીચે

(અનુ. સાતમા પાને)